પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૮૯ ૯ જુન, ૨૦૨૨, ગુરૂવાર; જયેષ્ઠ સુદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રેપો રેટ ૦.૫ ટકા વધતા લોન મોંઘી થશે

**મધ્યમ વર્ગને વધુ એક ઝટકો : રેપો રેટ વધે તો દેશમાં વિવિધ પ્રકારની લોનના વ્યાજના દરમાં વધારો થઈ શકે, EMIના વ્યાજ દર વધી શકે અને સામાન્ય માણસનું બજેટ ખોરવાય**

લખનઉ,તા.૮

નવી દિલ્હી : રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રેપો રેટમાં ફરીથી વધારો કર્યો છે. આ વખતે ૫૦ આધાર અંકો (૦.૫) ટકાનો વધારા કરાયો છે. રેપો રેટ વધીને ૪.૯૦ ટકા થઈ ગયો છે. બુધવારે ખતમ થયેલી પોતાની બાય-મંથલી બેઠક પછી પ્રેસ કોન્ફરન્સમાં સેન્ટ્રલ બેંકે આ વિશે જાણકારી આપી હતી. રેપો રેટ વધવાથી તમામ પ્રકારની લોન હવે મોંઘી થશે. સામાન્ય નાગરિકો પર ઈંઈનો ભાર પહેલાના મુકાબલે વધારે પડશે. આરબીઆઈએ પોલિસી રેપો રેટને ૫૦ આધાર અંક વધારીને ૪.૯૦% કરી દીધો છે. જ્યારે સ્થાયી જમા સુવિધા દરને ૪.૧૫%થી વધારીને ૪.૬૫%અને માર્જિનલ સ્ટેંડિંગ ફેસિલિટી રેટ અને બેંક રેટને ૪.૬૫%થી વધારીને ૫.૧૫% પર એડજસ્ટ કર્યા છે.

રેપો રેટ એટલે સામાન્ય ભાષામાં વ્યાજનો રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા જે દરે દેશની તમામ બેંકોને લોન આપે તે વ્યાજનો દર. આ દર ઘટે તો બેંકોને ફાયદો થાય કારણ કે તેમણે આરબીઆઈને ઓછું વ્યાજ ચૂકવવું પડે. અને જો આ દર વધે તો બેંકોએ આરબીઆઈને વ્યાજનો ઊંચો દર ચૂકવવો પડે. રેપો રેટ વધે તો દેશમાં વિવિધ પ્રકારની લોનના વ્યાજના દરમાં વધારો થઈ શકે.

EMIના વ્યાજ દર વધી શકે અને સામાન્ય માણસનું બજેટ ખોરવાય. જો રેપો રેટ ઘટે તો બેંક પોતાના વ્યાજના દર ઘટાડી શકે, હોમ લોન સહિતની કેટલીક લોન સસ્તી થઈ શકે. પરંતુ આ લોનના દર ઘટાડવા કે નહીં તે બેંક પર આધારિત હોય છે.

## દેશમાં કોરોનાના નવા ૫૨૩૩ દર્દીઓ નોંધાયા

**નવા કેસમાં ૪૦ ટકા જેટલો ઉછાળો : ૭ દર્દીઓએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યા છે, હાલ દેશમાં કોરોનાના ૨૮,૮૫૭ દર્દીઓ સારવાર હેઠળ છે**

નવી દિલ્હી,તા.૮

દેશમાં હવે કોરોનાનું સંક્રમણ પાછું વધવા લાગ્યું છે જે ચિંતાજનક છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા કેસમાં ૪૦ ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો છે. એક દિવસમાં નવા ૫૨૩૩ કોવિડ કેસ નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૫૨૩૩ દર્દીઓ નોંધાયા છે. જ્યારે ૭ દર્દીઓએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યા છે. હાલ દેશમાં કોરોનાના ૨૮,૮૫૭ દર્દીઓ સારવાર હેઠળ છે. નવા કેસમાં લગભગ ૪૦ ટકા જેટલો માતબાર ઉછાળો જોવા મળતા ચિંતા ઊભી થઈ છે. આ અગાઉ ગઈ કાલે કોરોના વાયરસના નવા ૩૭૧૪ નવા કેસ નોંધાયા હતા. જ્યારે સોમવારે ૬ જૂનના રોજ ૪૫૧૮ અને રવિવારે ૫ જૂને ૪૨૭૦ કેસ નોંધાયા હતા.

દેશમાં રસીકરણ અભિયાન પણ પૂર જોશમાં ચાલુ છે. અત્યાર સુધીમાં કોરોના રસીના ૧,૯૪,૪૩,૨૬,૪૧૬ ડોઝ અપાયા છે. જેમાં ગઈ કાલે અપાયેલા ૧૪,૯૪,૦૮૬ ડોઝ પણ સામેલ છે. ગુજરાતમાં પણ ધીમી ગતિથી કોરોનાના કેસ વધી રહ્યા છે. ગઈ કાલે આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ નવા ૭૨ કેસ નોંધાયા છે જેમાંથી ૪૪ કેસ તો અમદાવાદમાં નોંધાયા છે. રાજ્યમાં કાલે કોરોનાથી એક પણ મૃત્યુ નોંધાયું નથી.

# ૧૪ ખરીફ પાકોના ટેકાના ભાવમાં વધારો

**કેન્દ્રીય કેબિનેટે ૨૦૨૨-૨૩ પાક વર્ષ માટે ડાંગરની એમએસપી ૧૦૦ રૂપિયા વધારીને ૨,૦૪૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરી**

નવી દિલ્હી,તા.૮

કેન્દ્ર સરકારે ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને મોટી જાહેરાત કરી છે. કેન્દ્રીય પ્રધાન અનુરાગ ઠાકુરે કેબિનેટ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે સરકારે વર્ષ ૨૦૨૨-૨૩ માટે વિવિધ ખરીફ પાકો માટે લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી)માં વધારાને મંજૂરી આપી છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે ખરીફ પાકોની એમએસપી હવે વધશે.

ઠાકુરે માહિતી આપી હતી કે કેબિનેટે ૨૦૨૨-૨૩ પાક વર્ષ માટે ડાંગરની એમએસપી ૧૦૦ રૂપિયા વધારીને ૨,૦૪૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરી છે. બુધવારે મળેલી કેબિનેટ બેઠકમાં આ નિર્ણયને મંજૂરી આપવામાં આવી હતી. દરમિયાન, હવામાન વિભાગે આગાહી કરી છે કે ૨૦૨૨નું દક્ષિણ-પશ્ચિમ ચોમાસું લાંબા ગાળાની સરેરાશના ૯૯ ટકા પર સામાન્ય રહેશે.

છેલ્લા ત્રણ વર્ષમાં સામાન્ય કરતાં વધુ સારા ચોમાસાએ ખરીફ ખાદ્યાન્ન ઉત્પાદનમાં




સરેરાશ ૨.૮ ટકાનો વધારો કર્યો છે અને તેના કારણે ખરીફ ઉત્પાદનમાં ૨.૫ ટકાનો વધારો થઈ શકે છે, જ્યારે રવિ ઉત્પાદનમાં ૧.૫ ટકાનો વધારો થયો છે.

માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે પત્રકારોને જણાવ્યું હતું કે આજની કેબિનેટ બેઠકમાં ૧૪ ખરીફ પાકોના એમએસપીને મંજૂરી આપવામાં આવી છે. ડાંગરની સામાન્ય જાતની એમએસપી ગયા વર્ષના રૂ. ૧,૯૪૦થી વધારીને ૨૦૨૨-૨૩ પાક વર્ષ માટે રૂ. ૨,૦૪૦ પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવી છે.

ડાંગરની 'એ' ગ્રેડની વિવિધતાના ટેકાના ભાવ ૧,૯૬૦ રૂપિયાથી વધારીને ૨,૦૬૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવ્યા છે. ડાંગર એ ખરીફનો મુખ્ય પાક છે, જેની વાવણી શરૂ થઈ ગઈ છે. હવામાન વિભાગે જૂન-સપ્ટેમ્બરના સમયગાળા માટે સામાન્ય ચોમાસું રહેવાની આગાહી કરી છે.

મંત્રી અનુરાગ ઠાકુરે પણ ખેડૂતોની આવક વધારવા અને કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસની ખાતરી કરવા માટે મોદી સરકાર દ્વારા છેલ્લાં આઠ વર્ષમાં શરૂ કરાયેલા અનેક કાર્યક્રમો પર ભાર મૂક્યો છે.

જગતનો તાત કાળજાળ ગરમીમાં સેકાઈને હવે કાગડોળે વરસાદની રાહ જોઈ રહ્યો છે. ચોમાસાની શરૂઆત પૂર્વે જ ખેડૂતો માટે એક મહત્વના ખુશીના સમાચાર આવ્યાં છે. સરકારે ખરીફ પાકના લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો કરવાના પ્રસ્તાવને લીલીઝંડી આપી છે.

જય ઉમિયા
ઘર જેવું જમવાનું એટલે
પંચવટી ડાઈનીંગ હોલ
શુદ્ધ સીંગતેલમાંથી અને ઘઉંના લોટમાંથી બનાવેલ ભોજન
ગુજરાતી થાળી પંજાબી થાળી
દરરોજ સાંજે દાલબાટી તો ખરી જ
પાર્સલ સેવા ઉપલબ્ધ છે
પંજાબી સબ્જીના ઓર્ડર લેવામાં આવશે.
કોઈપણ શુભપ્રસંગે ઓર્ડર લેવામાં આવશે
ઓર્ડર અવેલેબલ ઓન zomato SWIGGY
મોબાઈલ : ૯૬૬૪૯૪૨૩૨૪, ૯૭૨૩૩૮૩૧૦૮
દુકાન નં. ૬, ૭, ૮, ગ્રાઉન્ડ ફ્લોર, વીટીસી કોમ્પ્લેક્ષ,
રિલાયન્સ ચોકડી પાસે, કુડાસણ, ગાંધીનગર

